# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેકટર–૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર–૦૭૯ ૨૩૨૨૦૪૪૦,ફેકસ નંબર–૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com

ક્રમાંક:ગાં.મ.ન.પા./મકમ/કોરોનાવાઈરસ/ જાહેરનામું/ફન.૧૧૫–૨/ ૯૦૨૨/૨૦૨૧, તા:૧૫/૦૬/૨૦૨૧

વંચાણે લીધું

(૧) ધી એપેડેમિક ડિસીઝ એક્ટ–૧૮૯૭.
(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ–૨૦૦૫.
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: NCV/102020/SF-1/G, તા.૨૦/૦૩/૨૦૨૦.
(૪) ગૃહ મંત્રાલય, ભારત સરકારના હુકમ ક્રમાંક: ૪૦–૩/૨૦૨૦–DM-I(A), તા.૨૭/૧૦/૨૦૨૦.
(૫) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામાં ક્રમાંક:જીજી/૩૭/૨૦૨૦/વિ–૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૨/૧૧/૨૦૨૦.

## "જાહેરનામુ"

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતા ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં નોવેલ કોરોના વાઈરસના પોઝીટીવ કેસો નોંધાયેલા છે જેથી કોરોના વાઈરસના સંક્રમણના ફેલાવવાની શક્યતાઓ સોશિયલ ડીસ્ટન્સીંગ (Social Distancing)ના અભાવે વધી રહેલ છે.

આથી હું, મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ગુજરાત રાજ્ય એપેડેમિક ડીઝીસ એક્ટ–૧૮૯૭ની કલમ–૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક:NCV/102020/SF-1/G, Date:20/03/2020ના પેરા નં. ૧૧ થી મળેલ અધિકારની રુએ નીચે કોષ્ટકમાં દર્શાવેલ વિસ્તારોને "Containment Area" (કન્ટેન્મેન્ટ એરિયા) જાહેર કરું છું

| માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયાની યાદી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સેક્ટર/ગામ | માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયા | કુલ ઘર | કુલ વસ્તી |
| ૧ | સેક્ટર–૭ | બ્લોક–૨ સ્યામજીકૃષ્ણા ફ્લેટ | ૦૬ | ૨૫ |
| ૨ | સેક્ટર–૭ | પ્લોટ નં–૨૯૩ થી ૨૯૪ | ૦૪ | ૧૮ |
| ૩ | સેક્ટર–૨૭ | બ્લોક–એ–૨ એસઆરપી કેમ્પ | ૦૧ | ૧૦ |
| ૪ | કુડાસણ | સુકન સિલ્વર ફ્લેટ સી–૪૦૩ | ૦૫ | ૨૦ |

ઉપરોક્ત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ તથા એપેડેમિક ડિસીઝ એક્ટ–૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા.